# ગેસ, ડીઝલ, પેટ્રોલના ભાવ વધારવા સૂચન

## સામાન્ય બજેટ રજૂ કરવામાં આવે તેના એક દિવસ પહેલાં આર્થિક સર્વે રજૂ કરાતા અનેક મુદ્દે ચિંતા

નવી દિલ્હી, તા. ૨૭

નાણાંમંત્રી પી ચિદમ્બરમ્ આજે પ્રતિકૂળ આર્થિક વ્યવસ્થા વચ્ચે સવારે સંસદમાં આર્થિક સર્વે રજૂ કરી દેતા કારોબારી નિષ્ણાંતોમાં ચર્ચા વિચારણાનો દોર શરૂ થયો હતો. આર્થિક સર્વેથી આવતીકાલે બજેટ કેવું રહેશે તે બાબત નક્કી થઈ ગઈ છે. આર્થિક સર્વેમાં વિકાસદર વધવાની આગાહી કરવામાં આવી છે. સાથે સાથે મોંઘવારીનો દર ૬.૬ ટકા સાથે રહેવાની પણ આગાહી કરવામાં આવી છે. આર્થિક સર્વેમાં સબસીડીના બોજને ઘટાડવા માટે ડીઝલ, એલપીજી અને પેટ્રોલની કિંમતમાં વધારો કરવાની તરફેણ કરવામાં આવી છે. આર્થિક સર્વેમાં સ્થાનિક ઉદ્યોગોને પણ પ્રોત્સાહન આપવાની પણ વાત કરવામાં આવી છે. નાણાંકીય વર્ષ ૨૦૧૪માં જીડીપી વૃદ્ધિદર ૬.૧થી ૬.૭ ટકા સુધી રહેવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે. માર્ચ મહિનામાં મોંઘવારી દર ઘટીને ૬.૨થી ૬.૬ ટકા સુધી રહેવાનો અંદાજ છે. મોંઘવારી દરમાં ઘટાડો થવાની સ્થિતિમાં વ્યાજદરમાં ઘટાડો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. દેશમાં આર્થિક મંદી ખતમ થવાની સ્થિતિમાં છે. અર્થ વ્યવસ્થામાં સુધારો થઈ રહ્યો છે. મંદીને દૂર કરવા અને સ્થિતિને સુધારવા માટે આર્થિક સુધારાની પ્રક્રિયાને ઝડપી બનાવવાની વાત પણ આર્થિક સર્વેમાં કરવામાં આવી છે. અલબત્ત આર્થિક સર્વેમાં મહેસૂલી અને વર્તમાન ખાતાકીય ખાદ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે જેથી વૈશ્વિક સ્થિતિને ધ્યાનમાં લઈને ડીઝલ અને પેટ્રોલની કિંમતમાં વધારો કરવો જરૂરી રહેશે. ડીઝલની કિંમત વધવાથી મોંઘવારીમાં વધારો થઈ શકે છે. નિકાસમાં ઝડપથી સુધારો હોવાની શક્યતા દેખાઈ રહી છે. આર્થિક સર્વેમાં શ્રેણીબદ્ધ પગલાં લેવાની સ્પષ્ટપણે વાત કરવામાં આવી છે. ખાસ કરીને સુધારા મોરચા ઉપર પગલાં લેવાની વાત કરવામાં આવી છે. મહેસૂલી આંકડા સુધી પહોંચવા




પ્રત્યક્ષ અને કરવેરામાં પહોંચવા વધારાની જરૂરિયાત વ્યક્ત કરવામાં આવી છે. સબસીડી ઉપર અંકુશ મુકવા, પેટ્રોલીયમ સબસીડી ઉપર અંકુશ મુકવા, સુધારા ઉપર ધ્યાન આપવા કહેવામાં આવ્યું છે. સર્વેમાં સોના અને તેલની આયાત ઉપર પ્રતિબંધ મૂકવાની પણ વાત કરવામાં આવી છે. વર્તમાન ખાતાકીય ખાદને અંકુશમાં લેવા માટે આ પગલા જરૂરી હોવાની વાત કરવામાં આવી છે. નિર્દિષ્ટ મહેસૂલી ખાદને માર્ગ ઉપર આગળ વધવાના બદલે તેને ઘટાડવાની જરૂર છે. ટૂંકાગાળામાં નિકાસને ઝડપથી વધારવાની જરૂર છે. ખાદ્યાન ફુગાવો કેટલીક ચીજવસ્તુઓના કારણે ઉથલ પાથલવાળો રહી શકે છે. નાણાંકીય વર્ષ ૨૦૧૩માં ટેક્સ આંકડામાં ગયા વર્ષની સરખામણીમાં ઘટાડો થયો છે. ફૂડ સિક્યુરિટી બિલ અંગે પણ આમા ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. ઈન્ટરનેશનલ મોનેટરીફંડ (આઈએમએફ)ના ભૂતપૂર્વ મુખ્ય અર્થશાસ્ત્રી રઘુરામ રાજન દ્વારા તૈયાર કરવામાં આવેલા અર્થતંત્ર સામે રહેલા પડકારો અંગેના વાર્ષિક અહેવાલમાં ઘણી બાબતો અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે જેમાં રોકેટ ગતિએ વધતી સબસીડીનો સમાવેશ થાય છે.સર્વેમાં તમામ બાબતોની વાત કરવામાં આવી છે જેમાં જણાવાયું છે કે ડુગળીની કિંમતમાં વધારો થવાના પરિણામ સ્વરૂપે ફુગાવા ઉપર દબાણ આવ્યું છે. ડીઝલની કિંમતમાં વધારાથી પણ ફુગાવા ઉપર દબાણ આવ્યું છે. એપ્રિલ-ડિસેમ્બર ડબલ્યુપીઆઈ સરેરાશ ફુગાવો ૭.૫૫ ટકા હતો. નોનફૂડ નોનમેન્યુફેક્ચરીંગ ફુગાવો ખૂબ ઊંચો રહ્યો છે. ઈન્ડસ્ટ્રી, ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં મૂડીરોકાણના વધારવાની જરૂર છે. મૂડીરોકાણ ઘટી જવાના કારણે ઓદ્યોગિક વિકાસને ઘટાડો થયો છે. સર્વિસ સેક્ટરમાં પણ મંદી જોવા મળી છે. આરોગ્યના મોરચે જણાવાયું છે કે ઊંચા વિકાસના માર્ગ ઉપર પહોંચવા તથા ફુગાવાને ઘટાડવા નાણાંકીય સ્થિતિને મજબૂત કરવાની જરૂર છે. ઓઈલ સબસીડી ખૂબ જ ચાવીરૂપ મહેસૂલી જોખમી પરિબળ છે જેને દૂર કરવાની જરૂર છે. વૈશ્વિક રેટ મુજબ ડીઝલ અને એલપીજીની કિંમતોને રાખવાની જરૂર છે. ફૂડ સબસીડીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાની જરૂર છે. ફૂડ સિક્યુરિટી બિલ સબસીડીને વધારવામાં ભૂમિકા અદા કરી શકે છે. વધતી જતી સબસીડીને કાબૂમાં લેવા જરૂરી પગલાંથી ફાયદો થશે. ડાયરેક્ટ કેસ ટ્રાન્સફરથી પણ ફાયદો થઈ શકે છે.

## હાઈકોર્ટમાંથી યોગગુરુ બાબા રામદેવને આખરે રાહત મળી

શિમલા, તા. ૨૭

યોગ ગુરુ બાબા રામદેવને આજે હિમાચલ પ્રદેશ હાઈકોર્ટે આંશિક રાહત આપી હતી. યોગ ગુરુ બાબા રામદેવના પતંજલી યોગપીઠને ભાડાપટ્ટે અપાયેલી જમીન પર યથાસ્થિતિ બનાવી રાખવા હિમાચલ પ્રદેશ હાઈકોર્ટે નિર્દેશ આપ્યો છે.

ગત ૨૨મીએ રાજ્ય સરકારે યોગપીઠ પાસેથી જમીન પરત લઈ લીધી હતી. હાઈકોર્ટના ન્યાયધીશ દિપક ગુપ્તા અને કુલદીપસિંહની બનેલી ખંડપીઠે યોગપીઠ દ્વારા કરાયેલી અરજી પર રાજ્ય સરકારને નોટિસ ફટકારી છે. આ ઉપરાંત ખંડપીઠે રાજ્ય સરકારને જમીન ભાડા પટ્ટે હોવાથી યથાસ્થિતિ બનાવી રાખવા કહ્યુ છે. નોંધનીય છે કે વિધાનસભાની ચૂંટણીમાં જીત મેળવ્યા બાદ શાસક પક્ષ કોંગ્રેસના મુક્યમંત્રી વીરભદ્રસિંહના નેતૃત્વની સરકારે ૧૯ ફેબ્રુઆરીના રોજ સોલન જિલ્લામાં સાધુપુલમાં ૯૮ એકર જમીનનો ભાડાપટ્ટો રદ કરી દીધો હતો. ત્યારબાદ મહેસૂલ વિભાગના અધિકારીઓએ જમીન અને તેના પર બનેલી બિલ્ડીંગ અને અન્ય આધારભૂત ઢાંચાઓ પર કબજો લઈ લીધો હતો.

પતંજલી યોગપીઠે મંત્રીમંડળના ભાડાપટ્ટો રદ કરવાના નિર્ણયને હાઈકોર્ટમાં પડકાર્યો હતો. અરજીમાં સરકાર દ્વારા કબજામાં લેવાયેલી જમીન પરત આપવા પણ અનુરોધ કર્યો હતો. સરકારે કહ્યુ હતુ કે વર્ષ ૨૦૧૦માં તત્કાલિન ભાજપ સરકારે કાનૂની જોગવાઈઓને અવગણીને પતંજલી યોગપીઠને જમીન આપી હતી. સરકારે આ પરિયોજનાના પ્રથમ તબક્કાના આજે થનારા ઉદ્‌ઘાટનની યોજનામાં અડિંગો ઉભો કર્યો હતો. સરકારના આ નિર્ણય વિરુદ્ધ પતંજલી યોગપીઠે હાઈકોર્ટના દ્વારા ખટખટાવ્યા હતા અને આરોપ લગાવ્યો હતો કે સરકારનો નિર્ણય ગેરકાયદે અને મનમાની વાળો છે. રાજ્ય સરકારના નિર્ણયથી નૈસર્ગિક ન્યાયના સિદ્ધાંતનું ઉલ્લંઘન થયુ છે.

## જેટલીના ટેલીફોન ટેપના મુદ્દે રાજ્યસભામાં ભારે હોબાળો

નવી દિલ્હી, તા. ૨૭

રાજ્ય સભામાં વિપક્ષના નેતા અરૂણ જેટલીના ટેલીફોન ટેપ કરવાનો આરોપ સરકાર પર લગાવતા વિપક્ષોએ રાજ્ય સભામાં આજે ભારે હોબાળો મચાવ્યો હતો. જેના પગલે ગૃહની કાર્યવાહી મુલતવી રાખવી પડી હતી. પ્રશ્નકાળ શરૂ થતા જ સમાજવાદી પક્ષના નરેશ અગ્રવાલે આ મુદ્દો ઉઠાવ્યો હતો. તેઓ ઉભા થતાની સાથે જ ભાજપના સાંસદોએ પણ પોતાની બેઠકો પર ઉભા થઈને આ મુદ્દે હોબાળો મચાવ્યો હતો. તેમની સાથે સાથે જનતાદળ યુ, સીપીઆઈએમ, સીપીઆઈ, એઆઈડીએમકે અને બસપના નેતાઓએ પણ જોરશોરથી હોબાળો મચાવ્યો હતો. સપાના અગ્રવાલ તેમજ ભાજપના રવિશંકર પ્રસાદ અને સીપીઆઈના ડી રાજાએ કહ્યુ હતુ કે આ એક ગંભીર મામલો છે. ગૃહમંત્રીએ આ મુદ્દે ગૃહમાં નિવેદન આપવું જોઈએ. રાજ્યસભા અધ્યક્ષ અને ઉપરાષ્ટ્રપતિ ડોક્ટર હામિદ અંસારીએ તેમને વારંવાર શાંત રહેવાનું કહ્યુ હતુ પરંતુ વિપક્ષી સભ્યો માન્યા ન હતા. ત્યારે સંસદીય કાર્ય રાજ્યમંત્રી રાજીવ શુક્લાએ ઉભા થઈને કહ્યુ હતુ કે વિપક્ષ નેતાનો ટેલીફોન ટેપ થવો એ ગંભીર મુદ્દો છે અમે આ બાબતને ધ્યાનમાં લઈએ છીએ. ગૃહમંત્રી સુશીલકુમાર શિંદેએ આ બાબતની જાણકારી મેળવીને ગૃહમાં નિવેદન આપશે. તેમણે કહ્યુ હતુ કે આ બાબતની તપાસ દિલ્હી પોલીસ કરી રહી છે જેમાં બેની ધરપકડ પણ કરવામાં આવી છે પરંતુ વિપક્ષી સભ્યોએ એક જ વાત પકડી રાખી હતી કે શિંદેએ અત્યારે જ આવીને ગૃહમાં માહિતી આપવી જોઈએ. અધ્યક્ષ ડોક્ટર અંસારીએ ગુસ્સે થઈને સભ્યોને પોતાની બેઠક પર બેસવાનો અનુરોધ કર્યો હતો છતાં પણ હોબાળો ચાલુ જ રહ્યો હતો જેના પગલે તેમણે ગૃહની કાર્યવાહી પાંચ મિનિટ માટે મુલતવી કરી હતી. પાંચ મિનિટ પછી ફરી ગૃહની કાર્યવાહી શરૂ થઈ હતી અને પ્રશ્નકાળ શરૂ થયો હતો છતાં પણ વિપક્ષી સભ્યો ગૃહમંત્રીના નિવેદનની માંગ ચાલુ રાખી હતી. અગ્રવાલે કહ્યુ હતુ કે ગૃહમંત્રી સુશીલકુમાર શિંદે હાલ ગૃહમાં હાજર છે. તેમણે જવાબ આપવો જોઈએ. ડોક્ટર અંસારીએ કહ્યુ હતુ કે આજની કાર્યવાહીનો કાર્યક્રમ પહેલાથી જ નિર્ધારીત છે. તેમાં કોઈ ફેરફાર થઈ શકે નહીં. ત્યારે ગૃહમાં ભાજપના ઉપનેતા રવિશંકર પ્રસાદે કહ્યુ હતુ કે સરકાર બીજા કયા કયા નેતાઓના ટેલીફોન ટેપ કરી રહી છે. ગૃહમંત્રી આ અંગે માહિતી આપે અને સરકાર કેમ ટેલીફોન ટેપ કરી રહી છે ત્યારબાદ સીપીઆઈના ડી રાજાએ પણ કહ્યુ હતુ કે આ મામલો ઘણો ગંભીર છે. અધ્યક્ષ ડોક્ટર અંસારીએ સભ્યોને શાંત પાડતા કહ્યુ હતુ કે હાલ આ મામલો ઉભો થયો હતો. સરકાર દ્વારા જવાબ પણ આપી દેવાયો છે. છતાં પણ વિપક્ષી સભ્યો માન્યા ન હતા. ત્યારબાદ સંસદીય કાર્યમંત્રી રાજીવ શુક્લાએ પોતાની સામેની સીટ પર બેઠેલા ગૃહમંત્રી શિંદેના કાનમાં કાંઈ કહ્યુ હતુ પછી શિંદે પોતાની સીટ પર ઉભા થયા હતા. તેમણે એટલું જ કહ્યુ હતુ કે સરકાર આ મુદ્દે નિવેદન આપવા પ્રતિબંદ્ધ છે. તેમના આશ્વાસનના પગલે વિપક્ષી સભ્યો શાંત થઈ ગયા હતા અને ગૃહની કાર્યવાહી ભરીથી શરૂ થઈ ગઈ હતી.

## દિલ્હી શહેર ભારતમાં સૌથી બિનસુરક્ષિત મેટ્રો સિટી થયું

નવી દિલ્હી,તા. ૨૭

તાજેતરમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે દિલ્હી સૌથી બિનસુરક્ષિત મેટ્રો સીટી પૈકી એક છે. દિલ્હી મોસ્ટ અનસેફ મેટ્રો સિટી તરીકે ઊભરી આવતા દિલ્હીમાં રહેતા લોકોને આશ્ચર્ય થયું છે. મહિલાઓ પ્રત્યે સુરક્ષાના મામલામાં પણ દિલ્હીના ટ્રેક રેકોર્ડ સારા રહ્યા નથી. હાલમાં કરવામાં આવેલા સર્વેમાં આ મુજબની બાબત સપાટી ઉપર આવી છે. મહિલાઓ એકલી ફરી સકતી નથી. ગુનાઓનું પ્રમાણ વધી રહ્યું છે. બીજી બાજુ મુંબઈને સૌથી સૈફ મેટ્રો સિટી તરીકેનો દરજ્જો આપવામાં આવ્યો છે. સર્વેમાં ભાગ લેનાર ૩૪ ટકા લોકોએ કબૂલાત કર્યો છે કે મુંબઈ સૌથી સુરક્ષિત મેટ્રો સિટી છે. જ્યારે અમદાવાદ અને બેંગ્લોર સૌથી સુરક્ષિત સિટીના મામલામાં બીજા ક્રમાંક ઉપર છે. અમદાવાદ અને બેંગ્લોરને ૧૨-૧૨ ટકા લોકોએ સૌથી સૈફ સિટી તરીકે ગણાવ્યા છે. સર્વેમાં ભાગ લેનાર મોટી સંખ્યામાં લોકોને પ્રશ્નો કરવામાં આવ્યા હતા. ટ્રાવેલ પોર્ટર ટ્રીપ એડવાઈઝર દ્વારા કરવામાં આવેલા સર્વેમાં આ મુજબની બાબત સપાટી ઉપર આવી છે. મહિલાઓ સામે તાજેતરમાં જ બનેલા બનાવ, સામુહિક ગેંગરેપના બનાવના કારણે દિલ્હી સૌથી અનસૈફ મેટ્રો શહેર તરીકે ઊભર્યુ છે. ૮૪ ટકા લોકોએ કબૂલાત કરી છે કે દિલ્હી મહિલાઓ માટે સૌથી બિનસુરક્ષિત શહેર છે. સુરક્ષાને લઈને ૯૪ ટકા મહિલાઓએ ચિંતા વ્યક્ત કરી હતી. આ મહિલાઓનું કહેવું છે કે તેમને ૨૪ કલાક સુરક્ષાની ચિંતા છતાવતી રહે છે પરંતુ ૨૪ ટકા મહિલાઓનું કહેવું છે કે જ્યારે ભારતમાં કોઈપણ જગ્યાએ જાય છે ત્યારે સુરક્ષાને લઈને ચિંતિત હોય છે. સર્વેના ભાગરૂપે નોકરી કરતી મહિલાઓ, સ્વરોજગારી કરતી મહિલાઓ અને ગૃહિણીઓને આવરી લેવામાં આવી હતી. એકલી મુસાફરી કરતી ૪૧ ટકા મહિલાઓએ કહ્યું હતું કે તેઓને કોઈ વધારે ચિંતા છતાવતી નથી.

### નાણાંકીય માર્ગદર્શન (પાના નં. ૪ નું ચાલુ)

અત્યંત મહત્ત્વનાં અમુક યોગ્યતા માપદંડોનાં નીચેનામાં સમાવેશ થાય છે.

(૧) સોસાયટી નોંધણી અધિનિયમ ૧૮૬૦ હેઠળ રજીસ્ટ્રેશન, ચેરીટેબલ અને ધાર્મિક ટ્રસ્ટો માટે રજીસ્ટ્રેશન

(૨) ઓછામાં ઓછા ૩ વર્ષ માટે વિકાસ તેમજ મોબીલાઇઝેશન કરવાનો મજબૂત અનુભવ.

**● વિદેશી નાણાંકીય સહાય**

સમગ્ર વિશ્વમાં એનજીઓ માટે વિવિધ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ નાણાંકીય સહાય વપરાશ માટે આપતી હોય છે. આવી દાન આપતી સંસ્થાઓ સામાન્ય રીતે તેમની પાસે વિવિધ NGO તરફથી આવેલા પ્રોજેક્ટનું ટેકનીકલ મૂલ્યાંકન કરે છે. ઉદાહરણ તરીકે તેઓ પ્રોજેક્ટમાં જે હેતુસર ભંડોળની માંગણી કરવામાં આવી છે, તે કેવી રીતે લાભાર્થીઓને મદદ કરશે તેનું મૂલ્યાંકન કરે છે. દાન આપતી એજન્સીઓ અન્ય સરકારી સંસ્થાઓ સાથે પણ અમુક મુદ્દાઓની ચર્ચા કરી શકે છે. ચર્ચા વિચારણા અને મૂલ્યાંકનની પ્રક્રિયા સમાપ્ત થયા પછી એજન્સીઓ જે તે દેશનાં લાગતાં વળગતાં NGO સાથે નાણાંકીય સહાય નો કરાર કરે છે. ભંડોળ પ્રાપ્ત કરતાં એનજીઓ પર જે તે એજન્સીઓ તથા સરકાર દ્વારા વોચ રાખવામાં આવે છે. જેનાથી એનજીઓ ને મળેલ ભંડોળનો યોગ્ય ઉપયોગ થાય છે કે નહીં તેનું ધ્યાન રાખવામાં આવે છે. જે તે દેશની સરકારની પણ જવાબદારી બને છે કે આવી એજન્સીઓને સંપૂર્ણ સહાય કરે જેનાથી દાન કરવાની પ્રક્રિયા સરળ અને પારદર્શી બની શકે.

વિદેશી સંસ્થાઓ પાસેથી અલગ અલગ સ્વરૂપમાં ભંડોળ પ્રાપ્ત થઇ શકે જેમ કે -

**● દ્વિપક્ષી ભંડોળ :**

આવું ભંડોળ બે પક્ષો એટલે કે આંતરરાષ્ટ્રીય દાતા એજન્સીઓ અને પ્રાપ્ત કરતાં દેશ વચ્ચે આર્થિક કરાર હેઠળ પ્રાપ્ત થાય છે. તે વાસ્તવમાં એક દેશ અથવા એક આંતરરાષ્ટ્રીય દાતા એજન્સી દ્વારા દેશને માનવતાવાદી સહાય અથવા વિકાસ સહાત તરીકે એક સામટી રકમ દાનમાં અપાય છે.

**● બહુપક્ષીય ભંડોળ :**

આ ભંડોળમાં અમુક દેશોનાં એક જૂથ વચ્ચે નાણાંકીય કરાર કરવામાં આવે છે. તે હેઠળ વિકાસ અને અન્ય કારણો માટે ભંડોળ પ્રાપ્ત થાય છે.

**● ખાનગી સંસ્થાકીય ભંડોળ :**

ચોક્કસ દેશોની સરકારો સમયાંતરે અમુક આંતરાષ્ટ્રીય સંસ્થા જેવી કે આઇએમએમફ, વર્લ્ડ બેન્ક વગેરેને દાન આપતી હોય છે. બાદમાં આવી સંસ્થાઓ જરૂરીયાતમંદ એનજીઓને નાણાંકીય ભંડોળ પુરૂ પાડે છે.

● બિન - રહીશ સામાજિક સમુદાયો - ઘણી વ્યક્તિઓ ખાસ કરીને ગુજરાત જેવા રાજયમાંથી વિવિધ સાધન સંપન્ન દેશોમાં આર્થિક શક્યતાઓ તથા નોકરીની તકો માટે પલાયન કરતી હોય છે. આવી વ્યક્તિઓ તેમના મૂળ વતનમાં કોઇ પણ રાહત કાર્ય કરતી સંસ્થાઓને અથવા સમાજોને નાણાંનું દાન કરે છે. આ ઉપરાંત વિવિધ બિન-રહેણાંક સમુદાયો તેમના મૂળ દેશ માટે ભંડોળ એકત્ર કરતાં હોય છે, અને આવા ભંડોળને જે તે એનજીઓ દ્વારા તેમના મુળ વતનમાં માનવતાંવાદી કાર્યો માટે ખર્ચ કરવામાં આવે છે. આવા ભંડોળ માટે બંને દાતા એજન્સી અને પ્રાપ્ત કરતી એજન્સી સરકાર પાસેથી લેવી જરૂરી બને છે.

આ રીતે એનજીઓ વિવિધ કાર્યો માટે નાણાંકીય સહાય મેળવી શકે છે.

## કોલકાતામાં સૂર્યસેન બજારમાં આગ લાગતા ૧૯ લોકો ભડથું

કોલકાતા,તા. ૨૭

પશ્ચિમ બંગાળના પાર્ટનગર કોલકાતાના સૂર્યસેન બજારમાં આજે વહેલી પરોઢે વિનાશક આગ ફાટી નીકળતા ઓછામાં ઓછા ૧૯ લોકો બળીને ભડથું થઈ ગયા હતા અને અન્ય અનેક લોકો ઘાયલ થઈ ગયા હતા. વહેલી પરોઢે ત્રણ વાગે આ આગ ફાટી નીકળી હતી. મોટી સંખ્યામાં લોકો આગમા ફસાઈ ગયા હોવાનું પણ જાણવા મળ્યું છે. આગ ઉપર કાબૂ મેળવવા માટે તમામ પગલાં લેવામાં આવી રહ્યા છે. ફાયરબ્રિગેડ અને અન્ય ટૂકડીઓ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ત્રણ કલાકની જહેમત બાદ આગ પર કબૂ મેળવ્યો હતો. ઘાયલોને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ૨૫થી વધુ ફાયરબ્રિગેડની ગાડીઓ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. શિયાલદાહ રેલવે સ્ટેશનથી માત્ર પાંચ કિલોમીટરના અંતરે સ્થિત સૂર્યસેન બજાર શાકભાજી, કિરાણા, ખાવાપીવાની ચીજવસ્તુઓ માટે લોકપ્રિય બજાર પૈકી એક છે. અહીં આશરે ૫૦૦ દુકાનો આવેલી છે. આ બજારમાં મોડી રાત સુધી કામ કર્યા બાદ લોકો અહીં જ ઊંઘી જાય



છે જેથી મોતનો આંકડો વધવાની દહેશત દેખાઈ રહી છે. સમગ્ર વિસ્તારને સિલ કરી દઈને સાવચેતીના પગલાં પણ લેવામાં આવી રહ્યા છે. ઘાયલ થયેલા લોકો પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. તાજેતરના સમયની સૌથી વિનાશક આગ પૈકી એક તરીકે આને ગણવામાં આવે છે. ફાયરબ્રિગેડના જવાનોએ ૧૫થી વધુ લોકોને બચાવી લીધા છે. મોડી રાત્રે લોકો ઊંઘમાં હતા ત્યારે આગ ફાટી નીકળી હતી. ઘાયલોને એનઆરએસ અને મેડીકલ કોલેજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ફાયર સર્વિસ પ્રધાન જાવેદ ખાને કહ્યું છે કે છ લોકોને ફાયર બ્રિગેડના જવાનોએ બેભાન હાલતમાં સફગતા ગોડાઉનમાંથી બહાર કાઢ્યા હતા. ૨૬ ફાયર ટેન્ડરોએ ત્રણ કલાકથી વધુ સમય સુધી જહેમત ઉઠાવ્યા બાદ આગ ઉપર કાબૂ મેળવી લેવામાં સફળતા મેળવી હતી. પોલીસ જવાનો પણ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. ફાયર ફાઈટીંગ ઓપરેશન આડે કોઈ તકલીફ ન પડે તે માટે સમગ્ર વિસ્તારને સીલ કરી દઈને આગળની કાર્યવાહી હાથ ધરાઈ હતી. આગનું કારણ જાણી શકાયું નથી પરંતુ આ આગના કારણે વ્યાપક નુકસાન થયું છે. રાજ્યના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આ ઘટનામાં તપાસનો આદેશ જારી કર્યો છે. ઘટનામાં મૃતકોના પરિવારજનોને બે-બે લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦-૫૦ હજારની આર્થિક સહાય કરવાની ઘોષણા કરી છે. મુખ્યમંત્રીએ એનઆરએસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં ઘાયલોની મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીએ અગ્નિકાંડ માટે ષડયંત્રની આશંકા પણ વ્યક્ત કરી છે.

## સ્ટેશન માસ્તરનું મોત, ટોળાએ જીવતા સળગાવ્યાં

ભોપાલ,તા. ૨૭

વિદિશા જિલ્લાનાં ગુલાબગંજ રેલવે સ્ટેશન પર ટ્રેનની અડફેટમાં એક ભાઈ-બહેનનાં આવી જવાથી ગુસ્સે ભરાયેલ ભીડે સ્ટેશન માસ્તરને જીવતો સળવાગી દીધો છે, સાથે જ રેલવે સ્ટેશન પર તોડફોડ કરી કંટ્રોલ પેનલને પણ આગ ચાંપી દીધી હતી.

ઘટનામાં સ્ટેશન માસ્તરને બચાવવા આવેલ બે અન્ય લોકોનાં પણ આગમાં સળગીને મોત નિપજ્યા છે. ગંભીર અવસ્થામાં સ્ટેશન માસ્તરને ભોપાલની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યાં છે. સૂત્રોના જણાવ્યા મુજબ મંગળવારે ગુલાબગંજ રેલવે સ્ટેશન પર ઉભી રહેલી માલગાડીની નીચેથી નીકળવાનો પ્રયત્ન કરનાર બે બાળકો બાજુના ટ્રેક પરથી પસાર થઈ રહેલ તિરૂપતિથી નિઝામુદીન જઈ રહેલી સુપરફાસ્ટ સ્વર્ણજયંતિ એક્સપ્રેસ ચાલુ થયેલી ટ્રેનની અડફેટમાં આવી ગયા હતાં અને તેમના મોત નિપજ્યા હતાં. આ કરૂણ ઘટના જોઈ ગુસ્સે ભરાયેલ ભીડે આ જઘન્ય કૃત્ય આચર્યું હતું. ભીડે સ્ટેશન પર ભારે તોડફોડ મચાવી હતી અને સ્ટેશન માસ્તર સંકેત બંસલને જીવતા સળગાવી દીધા હતાં. સળગી રહેલા સ્ટેશન માસ્તરને બચાવવા આવેલા અન્ય રેલ કર્મચારી ભગવાનસિંહ આહીરવાલ અને એક ગ્રામીણ ચંદ્રકુમાર મોંગિયાનું પણ આગમાં સળગવાથી મોત નિપજ્યું છે. આ તમામ વ્યક્તિઓને બચાવવાનો પ્રયત્ન કરનાર હરીશંકર વિશ્વકર્મા નામની વ્યક્તિ પણ આગથી દાઝી ગઈ હતી પણ હવે પ્રાથમિક ઉપચાર બાદ તેમની હાલતમાં સુધારો થયો છે.

ગુસ્સે ભરાયેલ ભીડે રેલવે સ્ટેશન પરની કંટ્રોલપેનલમાં પણ આગ ચાંપી દીધી હતી અને મુખ્ય ટ્રેકની ફિશ પ્લેટો કાઢી નાંખી હતી, જેથી ટ્રાફિક વ્યવસ્થાને પણ અસર થઈ હતી. રેલવે સૂત્રોના જણાવ્યા મુજબ આ હંગામાના કારણે બીનાથી ભોપાલ વચ્ચેનો રેલ વ્યવહાર લગભગ ચાર કલાક સુધી પ્રભાવિત રહ્યો હતો.

## વિદ્યાર્થીઓને મળશે રૂપિયા ૨૫માં ટેબલેટ

પણજી,તા. ૨૭

ગોવા સરકાર રાજ્યનાં વિદ્યાર્થીઓને સૌથી ઓછી કિંમતમાં ટેબલેટ અને નોટબુક આપવાની યોજના બનાવી રહી છે. સરકારની આ યોજના અંતર્ગત રાજ્યનાં વિદ્યાર્થીઓ માત્ર ૨૫ રૂપિયામાં ટેબલેટ અને નોટબુક ખરીદી શકશે. વધારાના શિક્ષણ નિર્દેશક અનિલ પવારે જણાવ્યું છે કે, આ યોજના ગોવા સરકારના શિક્ષણ વિભાગ અંતર્ગત લાગુ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત આ યોજનાનો લાભ લેવા માટે રજિસ્ટ્રેશન કરાવવા રાજ્યનાં સામાન્ય વર્ગના વિદ્યાર્થીઓએ રૂપિયા ૨૫ ચૂકવવા પડશે જ્યારે એસટી અને એસસી વર્ગના વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન માટે ફક્ત રૂપિયા ૧૦ જ ભરવા પડશે.

## સમાચાર ઝલક

- **દહેરાદૂનમાં પત્નીએ સ્ટેમ્પ પેપર પર પતિની હત્યાની સોપારી આપી.**
- **વેસ્ટર્ન ડિસ્બન્સની અસરને પગલે ઉત્તર ભારતના રાજ્યોમાં વરસાદ પડશે, ફરી પવનની દિશા બદલાશે.**
- **સૌરાષ્ટ્રમાં પોલીસનો બાતમીદાર જ અઠંગ બાઇકચોર નીકળ્યો.**
- **મહિલાઓની સુરક્ષિત મુસાફરી માટે રેલ્વેમાં શ્રેણીબધ્ધ પગલાં.**
- **રાજકોટ મ્યુનિસિપલ કમિશ્નરએ ભાષા જોડણીઅર્થે ઓફિસરને નોટીસ ફટકારી.**
- **શાળામાં વાર્ષિક ૧૦ ટકાથી વધુ ફી વધારાની મનાઇ : શિક્ષણમંત્રી ચુડાસમા**
- **મોબાઇલ ફોન માટે આઠમાં ધોરણમાં ભણતા વિદ્યાર્થીએ તેના સાથીની હત્યા કરી, ચંઢીગઢનો બનાવ.**
- **આરોગ્ય મંત્રાલયે અમુક પ્રકારની સારવારમાં કાપ મુકતાં કેન્દ્રીય કર્મચારીઓ નારાજ**
- **જાગૃતિ સંસદ સભ્ય હરિન પાઠકે લોકસભામાં વર્તમાનમાં ૧૮૮ પ્રશ્નો ગુજરાતને સંબંધિત પ્રશ્નો પૂછ્યાં.**
- **હવે વર્ષમાં બે વખત રેલ્વેના ભાડા-નૂરમાં વધારો થશે.**
- **જાડિયાપણું રોકવા માટે ન્યૂયોર્કમાં બાળકોની પિઝા પાર્ટી પર પ્રતિબંધ.**
- **ઇન્કમટેક્ષે અમદાવાદ ક્ષેત્રમાંથી રૂા. ૧૮૬ કરોડની કરચોરી ત્રણ વર્ષમાં પકડી.**
- **ચોરવાડમાં પાણીના અભાવે પાક સુકાતાં યુવાનનો આપઘાત.**
- **બીમાર શર્મિલા ટાગોર (પટૌડી)ની સારવાર માટે કોઇ હાજર નથી.**
- **'હીટ એન્ડ રન' બી.એમ. ડબલ્યુ અમદાવાદના અકસ્માતમાં ઘાયલ રાહુલનું અવસાન.**
- **કલકત્તામાં ભીષણ આગમાં ૧૯નાં મોત.**
- **ગોધરા રેલ્વેકાંડની ૧૧મી વરસીએ મૃતકોને શ્રધ્ધાંજલિ અર્પવામાં આવી.**